# સહકારી બેંકોમાં વનટાઇમ સેટલમેન્ટ યોજના બે વર્ષ લંબાવવા ફેડરેશનની માગણી

એફઈ બ્યુરો
રાજકોટ, તા.-૨૩

સહકારી બેંકોમાં વનટાઇમ સેટલમેન્ટ યોજનાની મુદત ગત ઓકટોબર માસમાં પૂરી થઇ હતી, તે બે વર્ષ માટે લંબાવવા સૌરાષ્ટ્ર-કચ્છ અર્બન કો-ઓપરેટિવ બેંકસ ફેડરેશનની બેઠકમાં માગણી કરવામાં આવી હતી. ફેડરેશનના ચેરમેન અશ્વિનભાઈ મહેતાના પ્રમુખપદે સોમનાથ ખાતે તાજેતરમાં સૌરાષ્ટ્ર-કચ્છની સહકારી બેંકોના હોદ્દેદારોની બેઠક યોજાઇ હતી. તેમાં ઉકત માગણી કરવામાં આવી હતી.

મહેતાએ આપેલી માહિતી અનુસાર, આ વિસ્તારની કુલ ૩૮ બેંકો પૈકી ૩૧ બેંકોના હો દ્દેદારો બે દિવસની આ બેઠકમાં હાજર રહ્યા હતા. સહકારી બેંકો સમક્ષના પ્રશ્નોની તેમાં ચર્ચા કરવામાં આવી હતી. બેંકોને અપાયેલી વનટાઇમ સેટલમેન્ટ યોજનાની મુદત ગત ઓકટોબરમાં પૂરી થઈ હતી. જિલ્લા સહકારી બેંકોને રાજય સરકારે મુદતમાં વધારો કરી આપ્યો છે, પણ અર્બન સહકારી બેંકોને મુદતવધારાનો લાભ મળ્યો નથી. બેંકો માટે આ યોજના જરૂરી છે, કારણ કે તેનાથી બેંકોને આર્થિક નુકશાન જતું નથી અને સાથે સાથે એનપીએમાં ઘટાડો થાય છે.

પ્રાદેશિક

બેંકો બાર ટકા લેખે સાદું વ્યાજ લેતી હોવાથી મુદ્દલ રકમ રીકવર થઈ જાય છે. બીજો મુદ્દો ટેકનોલોજીમાં સુધારા અને અપગ્રેડેશનને લગતો હતો. સહકારી બેંકોએ કોર બેંકીંગ સોલ્યુશનની પ્રક્રિયા પૂરી કરી હોવાથી વર્તમાની હરીફાઈના સમયમાં બેંકોએ સજજ થવું પડશે. ખાસ કરીને એટીએમ સ્વીચ સહકારી બેંકોએ અપનાવી ગ્રાહકોને મૂળભૂત જરૂરિયાત પૂરી પાડવી જોઈએ. અર્બન કો-ઓપરેટિવ બેંકોની એનપીએમાં ઘટાડો કરવા નોમીની કોર્ટમાં કાયમી જજોની નિમણૂક કરવા બેઠકમાં ચર્ચા થઈ હતી, જેથી પેન્ડીંગ ફાઈલોનો ઝડપી નિકાલ થઈ શકે. ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેંકસ ફેડરેશનના પ્રમુખ જ્યોતિન્દ્ર મહેતાએ ટેકનોલોજી અપગ્રેડેશન ઉપર ભાર મુક્યો હતો. આરબીઆઈના રીજીઓનલ ડાયરેક્ટર પ્રકાશચન્દ્ર સાહુ, રાજય સહકારી બેંકના ચેરમેન અજય શાહ વગેરેએ બેઠકમાં હાજરી આપી હતી. શાહે સહકારી બેંકોના પ્રશ્નો બારામાં રાજય સરકારમાં રજૂઆત કરવામાં આવી હોવાનું અને તેનો હકારાત્મક પ્રતિભાવ મળશે તેવી આશા વ્યકત કરી હતી. આ વિસ્તારની સહકારી બેંકોની ડિપોઝીટ અંદાજે રૂા. નવ હજાર કરોડ હોવાનું મહેતાએ જણાવ્યું હતું.